# <u>પ્રેસનોટ</u>

## જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની ફુડ ટેસ્ટીંગ લેબોરેટરીને પ્રાપ્ત થયેલ આંતરરાષ્ટ્રિય કક્ષાનું એન.એ.બી.એલ. એક્રીડીટેશન

---

ફુડ ટેસ્ટીંગ લેબોરેટરી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હેઠળ સને ૨૦૦૮થી કાર્યરત છે.આ લેબોરેટરી મીનીસ્ટ્રી ઓફ ફુડ ટેસ્ટીંગ ઈન્ડસ્ટ્રી, ન્યુ દિલ્હી ; ઈન્ડીયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ, ન્યુ દિલ્હી અને ગુજરાત ફુડ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગાંધીનગરના સહયોગથી સ્થાપવામાં આવેલ. ગુજરાતમાં ખાદ્ય પદાર્થોના પૃથ્થકરણ અને ચકાસણી કરવા માટેની આ એક અગ્રેસર લેબોરેટરી છે. જે જાહેર અને ખાનગી ક્ષેત્રોને વ્યવસાયીક જોડાણ પુરૂં પાડે છે.

તાજેતરમાં આ લેબોરેટરીને ખાદ્ય પદાર્થોની ગુણવતા ચકાસવા બદલ નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરી (એન.એ.બી.એલ.), ન્યુ દિલ્હી તરફથી એક્રીડીટેશન પ્રાપ્ત થયેલ છે. કૃષિ પેદાશોની ગુણવતાનુ પૃથ્થકરણ હવે આ લેબોરેટરીમાં કરવાથી તે પૃથ્થકરણ આંતરરાષ્ટ્રિય કક્ષાએ આઈ.એસ.ઓ. / આઈ.ઈ.સી. ૧૭૦૨૫:૨૦૦૫ થી માન્ય ગણાશે. આમ આ લેબોરેટરી એન.એ.બી.એલ. સર્ટીફાઈડ થવાથી પ્રગતિશીલ ખેડુતો, વ્યાપારીઓ, વિક્રેતાઓ, ઉદ્યોગકારો તથા અન્ય કૃષિ સંલગ્ન સંસ્થાઓ તેમની કૃષિ પેદાશોની ગુણવતાનુ પૃથ્થકરણ આ લેબોરેટરીમાં કરાવી અને અન્ય દેશોમાં નિકાસ કરી શકશે. જે આંતરરાષ્ટ્રિય સ્તરે માન્ય ગણાશે. આ રીતે તેઓને આંતરરાષ્ટ્રિય બજારમાં કૃષિ પેદાશોના યોગ્ય અને ઉચા ભાવો મળશે.